ગાંધીનગર : શહેર કે ગામ હોય કેરોશીન વપરાશ એક સરખો

સમાજને સમજવા માટે આપણે જુદી જુદી બાબતોને તારવીને એકબીજાની અરસપરસ સરખામણી કરીને સમજવાનો પ્રયાસ કરતા હોઈએ છીએ. જેમકે સ્ત્રી-પુરૂષ શહેરી-ગ્રામીણ ક્ષેત્રની વિગતો આપણે મેળવીને એકબીજા વચ્ચેનું સરખાપણુ અથવા તો તફાવત જોઈએ છે. આંકડા કે ટકાવારીમાં સમાનતા કે નાનુ-મોટુ અંતર આપણને વાસ્તવિક પરિસ્થિતિ સમજવામાં મદદરૂપ બને છે.

આપણે જો ગાંધીનગરને ધ્યાનમાં લઈને ગ્રામીણ ગાંધીનગર અને શહેરી ગાંધીનગરના ઉપલબ્ધ આંકડાઓના આધારે બન્ને વચ્ચે કેવી સ્થિતિ છે એ જોઈશુ. સેન્સસ રિપોર્ટ દર્શાવે છે કે ગ્રામીણ ગાંધીનગરના કુલ પરિવારો પૈકી ૫૬ ટકા ઘર પરિવાર રસોઈમાં બળતણ તરીકે લાકડાનો વપરાશ કરે છે જ્યારે શહેરી ગાંધીનગરની વાત કરીએ તો જલાઉ લાકડાને રસોઈમાં ઉપયોગ કરતા પરિવારોની ટકાવારી ૨૨ ટકા છે આમ, ગ્રામ્ય

ગામડામાં આજેય લાકડાંના બળતરણનો વધુ વપરાશ

વિસ્તાર કરતા ગાંધીનગર શહેરી વિસ્તારમાં ૩૪ ટકા પરિવારો ઓછા છે, પરંતુ બીજી તરફ એ પણ સ્પષ્ટ થાય છે કે જલાઉ લાકડાનો ઉપયોગ શહેરી વિસ્તારમાં ઓછો છે પરંતુ ઉપયોગ જ નથી એવુ નથી.

સેન્સસના શહેરી વિસ્તારના આંકડા દર્શાવે છે કે શહેરના દર દસ પરિવારે બે થી વધુ પરિવારો રસોઈના ઈંધણ તરીકે લાકડાનો ઉપયોગ કરે છે.

આપણે જ્યારે ઘરમાં રાંધણગેસના વપરાશની વિગત જોઈએ તો સરેરાશ જુદી છે. જેમકે ગ્રામીણ ગાંધીનગરમાં ગેસ સિલિન્ડર અને પાઈપ નેચરલ ગેસ (પી.એન.જી.) માત્ર ૨૮ ટકા પરિવારો જ ઉપયોગ કરે છે જ્યારે શહેરી ગાંધીનગરમાં ૭૦ ટકા પરિવારો એલ.પી.જી., પી.એન.જી. રાંધણગેસનો ઉપયોગ કરે છે. આમ, ઘરમાં રાંધણગેસના વપરાશ બાબતે ગામ અને શહેર વચ્ચે ટકાવારી ખાસ્સુ અંતર હોવાનું દર્શાવે છે. ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોત તરીકે રાંધણગેસની સવલત ગ્રામીણ કક્ષાએ હજુ વધુ પ્રમાણમાં પહોંચાડવી જરૂરી હોવાનું આંકડા દર્શાવે છે. તો એવી જ રીતે આપણે છાણાંનો વપરાશ જોઈએ તો સ્થિતિ શહેર અને ગ્રામીણ બન્ને ક્ષેત્રની એક સરખી છે. એક કે અડધો ટકાથી પણ ઓછા પરિવારો છાણાંના ઉપયોગ રસોઈમાં કરે છે.

આવી જ આંકડાકીય સ્થિતિ કેરોશીનના વપરાશમાં પણ જોવા મળે છે. ગ્રામીણ ગાંધીનગરમાં માત્ર ૪.૩૩ ટકા પરિવારો જ કેરોશીનનો ઉપયોગ કરે છે તો શહેરમાં પણ માત્ર ૪.૮૦ ટકા પરિવરો જ કેરોશીનના બળતણે રસોઈ રાંધે છે. ગામ અને શહેરની સરખામણી કરતાં એક બાબત એવી જોવા મળે છે કે ગામડામાં રસોઈના બળતણ તરીકે આજે પણ સૌથી વધુ લાકડા વપરાય છે, છાણાંનો ઉપયોગ નહીંવત થાય છે અને ગોબર ગેસનો ઉપયોગ તો એક ટકાથી ય ઓછો છે. વૈકલ્પિક ઉર્જા તરીકે ગોબરગેસનો ઉપયોગ વધે એવા પ્રયાસો તંત્રએ કરવા જરૂરી છે.

જય રણછોડ... - રથયાત્રાને આડે હવ માત્ર ત્રણ દિવસ બાકી છે ત્યારે તડામાર તૈયારીઓ ચાલી રહી છે... એક તરફ રથને રંગરોગાન ચાલી રહ્યું છે જ્યારે ભગવાન જગન્નાથજીને આંખ આવતા આંખે પાટા બાંધવાની વિધિ ચાલી રહી છે... ભક્તોમાં પણ ભારે ઉત્સાહ પ્રવર્તે છે... ભજન સાથે પ્રસાદની તૈયારી માટે મગની સફાઈની કામગીરી ભાવપૂર્વક કરાઈ રહી છે... જય રણછોડ...

મનપાની પેટા-ચૂંટણીનું આજે જાહેરનામુ

જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે : મેયર વોર્ડમાં જ પેટા-ચૂંટણી યોજાતી હોવાથી રાજકીય ઉત્તેજનાઓ વધી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની પ્રથમ પેટા-ચૂંટણી અંગે આજે જાહેરનામુ પ્રસિદ્ધ થશે અને તે સાથે જ આ પેટા-ચૂંટણીની પ્રક્રિયા પણ આરંભાશે.

જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ૬ જુલાઈ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. ૮મી જુલાઈએ ઉમેદવારીપત્રની ચકાસણી થશે અને ૯મીના રોજ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

૨૧મી જુલાઈના રોજ આ ચૂંટણી અંગે મતદાન યોજાશે. આ પેટા-ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે ગાંધીનગર પ્રાંત અધિકારી રહેશે જ્યારે મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ગાંધીનગર મામલતદાર ફરજ બજાવશે.

આ પેટા-ચૂંટણીમાં ૨૪ મતદાન મથકો છે. સે. ૨૨ ઉપરાંત સે. ૨૧, સે. ૨૦ આ વોર્ડમાં આવે છે. આ વોર્ડમાં ૧૮,૪૮૪ નોંધાયેલા મતદારો છે જેમાં ૯૫૮૭ પુરૂષ મતદારો અને ૮૯૩૭ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. શહેરમાં મનપાની રચના પછી પ્રથમવાર આ પેટા ચૂંટણી યોજાઈ રહી છે અને તેથી રાજકીય ઉત્તેજનાઓ વધુ છવાયેલી છે. આ વોર્ડમાં પહેલી ચૂંટણીમાં કોંગ્રેસની આખી પેનલ જીતી હતી જ્યારે બીજી સામાન્ય ચૂંટણીમાં ભાજપના ત્રણ ઉમેદવારો અને કોંગ્રેસના ૧ ઉમેદવાર વિજયી થયા હતા. કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજય થયેલ પ્રવિણ પટેલે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપનો ખેસ ધારણ કરી મેયરપદ હાંસલ કર્યુ હતુ. લાંબા કાનૂની વિવાદ બાદ તેમણે હોદ્દા પરથી અને કાઉન્સીલર તરીકે રાજીનામુ આપતાં આ પેટા ચૂંટણી યોજાઈ રહી છે.

ભાજપમાં પાંચ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૩ની એક બેઠક માટેની પેટા ચૂંટણી માટે ભાજપમાં પાંચથી વધુ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. ઉમેદવારની પસંદગી અંગે એક બે દિવસમાં નિર્ણય લેવાઈ જશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વોર્ડની પેટા ચૂંટણી માટે મહેશસિંહ રાઓલ, પ્રણવ પટેલ, વિપુલ પટેલ, અમીત પટેલ, રાજેન્દ્રસિંહ કાઠીઆના નામો ચર્ચામાં છે. શહેરની સંકલન સમિતિની બેઠક ગત સપ્તાહે મળવાની હતી પરંતુ સમયના અભાવે તે મળી શકી ન હતી. જો કે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ આ નામો સાથેનો અહેવાલ મોકલી આપવામાં આવેલ છે. ઉમેદવારની પસંદગી અંગે ભાજપનું એક જૂથ સક્રિય છે પરંતુ બીજું જૂથ સક્રિય નથી પરંતુ મજબુત જરુર છે અને નેતાઓ સુધી તેમના નામ પહોંચાડવામાં સફળ રહેલ છે.

કોંગ્રેસના ઉમેદવાર તરીકે મિત્તુલ જોશીની કરાઈ પસંદગી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની પેટા-ચૂંટણી માટે આજે કોંગ્રેસે તેના ઉમેદવાર તરીકે યુવા અગ્રણી મિત્તુલ જોશી પર પસંદગી ઉતારી છે.

આજે શહેર કોંગ્રેસ સમિતિની શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી નિશીથ વ્યાસ, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પ્રદેશ નિરીક્ષક મંદાકિનીબેન પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર, મહિલા પ્રમુખ લલિતાબેન ઠાકોર, પૂર્વ શહેર પ્રમુખ મુકેશ પટેલ, વિક્રમસિંહ ખાચર, મનપાના કાઉન્સીલરો, હોદ્દેદારો અને વિવિધ સેલના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મિત્તુલ જોશીના નામની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી. તેઓ ૩જી અથવા ૪થીએ તેમનુ ઉમેદવારીપત્ર ભરશે તેમ મનાઈ રહ્યુ છે.

મિત્તુલ જોશી સે. ૨૨ના રહીશ છે તેઓ બ્રહ્મસમાજ સાથે સંકળાયેલા છે અને સૌમ્ય સ્વભાવ ધરાવતા યુવા તરીકેની આગવી ઓળખ છે.

સ્વ જયોતિન્દ્ર વ્યાસને શ્રધ્ધાંજલિ અર્પવા પરમ સમીપે કાર્યક્રમનુ આયોજન

કલ્ચરલ ફોરમ દ્વારા ૩ જુલાઇએ રાત્રે ૮ કલાકે ટાઉનહોલમાં સુર લયના સથવારે કલ્ચરલ ફોરમના પુર્વ પ્રમુખને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર કલ્ચલ ફોરમના પુર્વ પ્રમુખ અને નગરના જાણીતા વેપારી સ્વ જયોતિન્દ્ર વ્યાસને શ્રધ્ધાંજલિ અર્પવા માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આગામી તા ૩ જુલાઇના રોજ રાત્રે ૮ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે પરમ સમીપે સ્વરાંજલિ સંધ્યાના એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગરના જાણીતા વેપારી અગ્રણી અને પુજા પાર્લરના સંચાલક પ્રેમાળ અને પરગજુ સબંધોની સુવાસ ફેલાવનાર સ્વ જયોતિન્દ્ર વ્યાસને ચિર શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આગામી તા ૩ જુલાઇના રોજ રાત્રે ૮ કલાકે ટાઉનહોલ ખાતે પરમ સમીપે શ્રધ્ધાંજલી સંધ્યાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં દિપ્તી દેસાઈ, દર્શના ગાંધી, પ્રહર વોરા, અમિત ઠક્કર સુર લયના સથવારે સ્વર્ગીય જયોતિન્દ્રભાઈને સ્વરાંજલિ અર્પશે. આ પ્રસંગે સૌ સ્વજનો , નગરજનોને સહભાગી થવા અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા માટે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ જણાંવ્યુ છે.

સે-૨૫ સહકાર કોલોનીમાં ગટરની ફરિયાદોને ડામવા લાઈન નાંખવાનુ કામ શરૂ

સે-૨૫ માં છેલ્લા દોઢ વર્ષથી ગટરો ઉભરાતી હોવાની ફરિયાદોથી સ્થાનિકો તોબા : નવી લાઇનને મુખ્ય લાઇન સાથે જોડી સમસ્યા હલ કરાશે

ગાંધીનગર તા ૩૦

શહેરના સેકટરોમાં ઉભરાતી ગટરોની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર નવી લાઈન નાંખવાનુ તેમજ જુની લાઈનનુ મુખ્ય લાઈન સાથે જોડાણ કરવા માટેનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. હાલ સે-૨૫ સહકાર કોલોનીમાં પણ વર્ષોથી ગટર લાઈનની ફરિયાદને ડામવા માટે લાઈનનુ કામ હાથ ધરાયુ છે. જેના અંતે ગટરો ઉભરાવાની સમસ્યા હલ થશે.

શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈનના લીધે સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતુ હોવાની વ્યાપક ફરિયાદો ધ્યાને આવે છે. જેના લીધે સેકટરવાસીઓ પણ ત્રાહીમામ પોકારી ગયા છે. સેકટરોમાં વર્ષો જુની ગટર લાઈન સેકટરની વસતી અને વિકાસ મુજબ અપગ્રેડ કરવામાં આવી નથી. જયારે ગટર લાઈન માટે તંત્ર પાસે પુરતો મેન પાવર તેમજ સાધનો પણ નથી જેના લીધે ગટર લાઈનને લગતી સમસ્યાઓનો પણ ઝડપથી ઉકેલ આવતો નથી. જુના કેટલાક સેકટરોમાં બારે માસ ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો સ્થાનિકોના રોષનુ કારણ બની છે. સે-૨૫ સહકાર કોલોનીમાં પણ ગટરો ઉભરાવાની સમસ્યા છેલ્લા ઘણા સમયથી સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. જેના લીધે સ્થાનિકો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. સ્થાનિકોની ફરિયાદોને ધ્યાને લઈને તંત્ર દ્વારા આ વિસ્તારમાં ગટરની નવી લાઈન નાંખવાનુ કામ શરૂ કરાયુ છે. જેના આધારે જુની લાઈનનુ જોડાણ મુખ્ય લાઈનમાં આપવાનુ પણ આયોજન કરાયુ છે. જેથી ટુંકમાં આ વિસ્તારમાં ગટર લાઈનની સમસ્યા દુર થશે. આ ઉપરાંત સે-૨૭ ની સોમેશ્વર સોસાયટીમાં પણ છેલ્લા કેટલાક સમયથી ગટર લાઈનની સમસ્યા વકરી છે.

સોસાયટીમાં વારંવાર ગટરો ઉભરાતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. આવા સંજોગોમાં આ સ્થિતિને નિવારવા માટે પણ નવી લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો વધી છે. જયારે દાયકાઓ જુની લાઈન ફરિયાદનુ કારણ બની છે. શહેરના મોટાભાગના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો રહીશો માટે શિરદર્દનુ કારણ બની છે. ત્યારે આ માટે લાઈન અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાય તે અનિવાર્ય છે.

જિલ્લાના ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં ૧.૫૦ ટકાનો ઘટાડો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૧.૫૧ ટકા જેટલો ગગડ્યો છે. જોકે ડિસેમ્બરથી માર્ચના ત્રિમાસિક ગાળામાં આ ઘટાડો ૮.૫૩ ટકા જેટલો નોંધાયો છે.

તાજેતરમાં ડીએસસીબીની બેઠકમાં આ મુદ્દે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ સખ્ત નારાજગી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે દરેક બેંકો ડિપોઝીટ માટે જેટલો રસ દાખવે છે તે જ રીતે વિવેકપૂર્વક ધિરાણ પર ધ્યાન આપે તો આ સ્થિતિનું નિર્માણ ના થાય.

બેંકોની ડિપોઝીટમાં ૨૮૭૮ કરોડનો વધારો જ્યારે ધિરાણમાં ૬૧૨ કરોડનો ઘટાડો ખુબજ ચિંતાજનક હોવાનું તેમણે કહ્યુ હતુ. ૧૬ જેટલી બેંકોનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૩૦ ટકાથી પણ નીચે જણાયો છે એટલે બેંકો તેમને ફાળવેલા લક્ષ્યાંક પ્રમાણે પણ ધિરાણ કરવામાં ઉણી ઉતરી છે જે દુઃખદ છે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ધિરાણ ઘટ્યુ છે એટલુ જ નહિ જિલ્લાની આર્થિક કરોડરજ્જુ સમાન કૃષિક્ષેત્રમાં પણ ધિરાણ ઘટ્યુ છે એ અત્યંત ચિંતાનો વિષય છે.

પ્રાયોરીટી સેક્ટરમાં મધ્યમ અને લઘુ ઉદ્યોગોને ધિરાણ આવ્યુ છે પણ તેના દરેક સેક્ટરમાં આ ધિરાણની સિદ્ધિ જાળવી શક્યા નથી જે જિલ્લા માટે ખુબજ નિરાશાજનક વલણ બેંકોનું દર્શાવે છે.

કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી જનધન યોજનામાં સારી કામગીરી થઈ છે. તમામ મિલ્કતધારકોને આવરી લેવાયો છે સારી બાબત છે પરંતુ આ બધા ખાતા ધારકો પૈકી ૭૫ ટકા જ ગ્રાહકોનું આધાર સીડીંગ થયુ છે. જેમાં ગતિ લાવવા પર ભાર મુકતાં તેમણે કહ્યું હતું કે ડીબીટી માટે આપણા જિલ્લાની મોડેલ ડિસ્ટ્રીક્ટ તરીકે પસંદગી કરાઈ છે ત્યારે આ ઉદાસીનતા યોગ્ય નથી.

જિલ્લા કલેક્ટરે ફાયનાન્સીયલ લિટરસી માટે પણ સઘન ઝુંબેશની આવશ્યકતા પર ભાર મુક્યો હતો. તેમણે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકારની ખાસ પેન્શન યોજનામાં ઘણા બધા સુધારાઓ કરાયા પછી પણ તેને લોકપ્રિય બનાવવામાં બેંકો ઉણી ઉતરી છે.

● અનુસંધાન પાન-૭ પર

ડિસ્ટ્રીટક કોર્ટ બિલ્ડીંગ ફાયર સેફટીના મામલે કંગાળ હાલતમાં

ફાયર સેફટીની અપુરતી વ્યવસ્થા યોગ્ય કરવા રજુઆત : કોર્ટ બિલ્ડીંગમાં ઇમરજન્સી સીડી પણ નથી : ફાયરના સિલીડન્ડરો પણ અપગ્રેડ કરાયા નથી

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના ડિસ્ટ્રીકટ કોર્ટ બિલ્ડીંગમાં ફાયર સેફટીની પુરતી સુવિધાનો અભાવ છે. ફાયર સિલીન્ડરોને પણ અપગ્રેડ કરાયા નથી. જયારે કોર્ટ બિલ્ડીંગના કેટલાક સ્થળોએ ફાયર સેફટીની કોઇ સુવિધા જ નથી. આ ઉપરાંત રોજબરોજ કોર્ટ બિલ્ડીંગમાં ૬ હજારથી વધુ વકીલો તેમજ અસીલોની અવરજવર રહે છે. આમછતા કોઇ ઇમરજન્સી સીડી નથી. આવા સંજોગોમાં આગ અકસ્માતના કિસ્સાને ડામવા માટે આ પ્રકારની સુવિધાને પુરતી યોગ્ય કરવા માટે અવેરનેસ ઓર્ગેનાઇઝેશન દ્વારા ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશને રજુઆત કરવામાં આવી છે. જયારે આ મામલે જિલ્લા કલેકટરને પણ લેખિત રજુઆત કરવામાં આવી છે.

અવેરનેસ ઓર્ગેનાઇઝેશનના પ્રમુખ અમૃત જેપાલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટની ત્રણ મજલાની બિલ્ડીંગમાં લીફટની સગવડ નથી. જયારે બિલ્ડીંગમાં અવરજવર કરવા માટે બ સીડી છે. જયારે કોર્ટ બિલ્ડીંગમાં રોજ ૬ હજારથી વધુ વકીલો તેમજ અસીલો અવરજવર કરે છે. પરંતુ કોર્ટ બિલ્ડીંગમાં કોઇ ઇમરજન્સી સીડી નથી. બીજીતરફ કેદીઓ કુદીને ભાગવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા બાદ બિલ્ડીંગમાં લોખંડની ગ્રીલ લગાવી દેવામાં આવી છે. આવા સંજોગોમાં આગ અકસ્માતના બનાવ વેળાએ આ સ્થળેથી બહાર નિકળવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. આ માટે ઇમરન્જસી સીડી પણ અત્યંત જરૂરી છે. જયારે કોર્ટ બિલ્ડીંગમાં લગાવાયેલા ફાયરના સિલીન્ડર પણ યથાવત સ્થિતિમાં છે. સિલીન્ડરોની જાળવણીનુ કામ પણ હાથ ધરાયુ નથી. આ સિલીન્ડરો પણ તુટેલી હાલતમાં છે. પાઈપો પણ તુટી ગઈ છે. ફાયર સેફટીના સાધનોના ઉપયોગ અંગની કોઇ માહીતી ન્પણ નથી. જયારે ફાયર સેફટી અંગેની જાણકારી આપવા માટે અત્યાર સુધી કોઇ પગલા પણ લેવાયા નથી. કોર્ટ બિલ્ડીંગમાં વિજ ઉપકરણોના વિશેષ ઉપયોગના લીધે વિજ પ્રવાહનો પણ વિશેષ ઉપયોગ થાય છે. જેના લીધે શોર્ટ સર્કીટ થવાનો પણ ભય છે. આ સ્થિતને ધ્યાને લઇ ડી પી મીટરો પણ દુર ખસેડવાની અનિવાર્યતા છે. આવા સંજોગોમાં ફાયર સેફટીના સાધનો પણ યોગ્ય અને ઉપયોગી હાલતમાં હોવા જરૂરી હોવાનુ પણ રજુઆતમાં જણાંવાયુ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com